પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાથી દેશભરમાં હાહાકાર

દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રથમ વખત ૮૦ રૂપિયાથી વધુ : ભારતભરમાં ભાવ વધારાને લઈને લોકોમાં નારાજગી : ચેન્નાઈમાં સૌથી વધુ પેટ્રોલની કિંમતમાં ૪૧ પૈસા અને ડિઝલમાં ૪૭ પૈસાનો વધુ વધારો ઝીંકાયો

નવી દિલ્હી, તા.૮

પેટ્રોલ અને ડિઝલની કિંતમાં વધારાનો દોર જારી રહ્યો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રથમ વખત ૮૦ના આંકડાને પાર કરી ગઈ હતી. આજે દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૩૯ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ કિંમત વધીને પ્રતિ લીટર ૮૦.૩૮ થઈ ગઈ હતી. બીજી બાજુ ડિઝલની કિંમત પણ સતત વધી રહી છે. આજે ડિઝલની કિંમતમાં ૪૪ પૈસાનો વધારો કરાયો હતો. આની સાથે જ ડિઝલની કિંમત વધીને પ્રતિ લીટર ૭૨.૫૧ થઈ હતી. બીજી બાજુ દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પેટ્રોલની કિંમત ૩૮ પૈસા વધીને ૮૭.૭૭ રૂપિયા પ્રતિ લીટર થઈ હતી. જ્યારે ડિઝલની કિંમત ૪૭ પૈસા વધીને ૭૬.૯૮ રૂપિયા થઈ હતી. કોલકાતામાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ક્રમશઃ ૩૯ અને ૪૪ પૈસાનો વધારો થતા ભાવ ૮૩.૨૭ અને ૭૫.૩૬ રૂપિયા થઈ ગયા હતા. ચેન્નાઈમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ આજે ક્રમશઃ ૮૩.૫૪ અને ૭૬.૬૪ રૂપિયા પ્રતિ લીટર થયા હતા. આજે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ચેન્નાઈમાં સૌથી વધુ વધારો થયો હતો. અહીં પેટ્રોલમાં ૪૧ પૈસા અને ડિઝલમાં ૪૭પૈસાનો વધારો થયો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમત હાલમાં આસમાને પહોંચી રહી છે. આજે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધુ વધારો થયો હતો જેથી બંનેના ભાવ ઓલટાઈમ હાઈ સપાટી ઉપર પહોંચી ગયા છે. પાંચમી સપ્ટેમ્બરના દિવસે ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. ફ્યુઅલની કિંમતમાં નવેસરનો વધારો હવે આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં તીવ્ર વધારાના સંબંધમાં છે.પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો એવા સમય પર કરવામાં આવી રહ્યો છે જ્યારે લોકસભા અને કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય નથી. રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેમાં આની સીધી અસર થઇ શકે છે. ભાજપ સરકાર આને લઈને સાવધાન રહે તે જરૂરી છે. ક્રુડ ઓઈલની કિંમત પણ વધી રહી છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત વધારો થતા હાલત કફોડી બની રહી છે. સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે કિંમતોમાં વધારો મોદી સરકારની ગણતરી ઉંધી વાળી શકે છે. કારણ કે લોકો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધતા ભાવના કારણે પરેશાન છે. આંતરરાષ્ટ્રીય પરિબળો આના માટે મુખ્યરીતે જવાબદાર છે પરંતુ ભાવમાં વધારાને કાબુમાં લેવા માટે સરકારને પગલા લેવાની જરૂર દેખા રહી છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં અવિરત વધારો કરવામાં આવી રહ્યો છે. કિંમતોમાં વધારો થવા માટે આંતરરાષ્ટ્રીય કારણો જવાબદાર છે. સાથે સાથે ડોલરની સરખામણીમાં રૂપિયામાં પણ ઘટાડો થઇ રહ્યો છેપેટ્રોલિયમ કંપનીઓને વધારે નાણાં ખર્ચ કરીને ઓઈલ ખરીદવાની ફરજ પડી રહી છે.

પોલીસની પિકેટ પર હુમલા બાદ જવાબી કાર્યવાહી : ત્રાસવાદી ઠાર

લશ્કરે તોયબાનો કુખ્યાત ત્રાસવાદી બિલાલ અહેમદ ઠાર થયો : અનંતનાગ જિલ્લામાં સુરક્ષા દળોની મોટી કાર્યવાહી : અન્ય ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ : સ્થાનિક લોકોમાં પણ આતંકવાદીઓ છુપાયાના અહેવાલ

શ્રીનગર,તા. ૮

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં એક પોલીસ પિકેટ પર ત્રાસવાદીઓ દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ તરત જ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં એક ત્રાસવાદી ઠાર થયો છે. શુક્રવારે મોડી રાત્રે અંધારાનો લાભ લઈને ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. અનંતનાગના અચ્છાબલ ખાતે હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તરત જ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં એકનુ મોત થયુ હતુ. ઘટના બન્યા બાદ સમગ્ર રાત્રી ગાળા દરમિયાન સેના, પોલીસ અને સીઆરપીએફ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ઠાર થયેલા ત્રાસવાદી પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક મળી આવ્યા

હતા. તેની સાથે રહેલા અન્ય ત્રાસવાદીઓની શોધખોળ ચાલી રહી છે. ઠાર કરાયેલા ત્રાસવાદીની ઓળખ કરી લેવામાં આવી છે. ઠાર થયેલ ત્રાસવાદી બિલાલ અહેમદ હોવાનું જાણવા મળ્યું છે. અબ્દુલ અહેમદનો પુત્ર કુલગામનો નિવાસી હતો. પોલીસના જણાવ્યા મુજબ બિલાલ અહેમદ છેલ્લા કેટલાક દિવસથી ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા સાથે કામ કરી રહ્યો હતો. વિતેલા વર્ષોમાં પણ તે કેટલાક ત્રાસવાદી હુમલામાં સ્પષ્ટપણે સામેલ રહ્યો છે. ઝડપાયેલા બિલાલ અહેવાદની પૂછપરછ ચાલી રહી છે. તેની પૂછપરછના આધાર પર લશ્કરે તોયબા સાથે જોડાયેલા અન્ય કેટલાક કુખ્યાત ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવી શકે છે. સેના અને સુરક્ષા દળો દ્વારા વોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓની યાદી તૈયાર કરવામાં આવી છે. જેના આધાર ઉપર ત્રાસાદીઓ સામે મોટુ ઓપરેશન ચાલી રહ્યું છે. ઝડપાયેલા ત્રાસવાદી બિલાલ અહેમદ પાસેથી એકે-૪૭ રાયફલ અને અન્ય હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. સુરક્ષા દળો આને મોટી સફળતા તરીકે ગણે છે. તે ત્રણ મહિના પહેલા જ લશ્કરે તોયબામાં સામેલ થયો હતો. તે હાલમાં જ જમ્મુ કાશ્મીરમાં ખીણમાં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં સામેલ રહ્યો હતો. હથિયારોની લુટની ઘટનાઓમાં પણ તે સામેલ રહ્યોહતો. શુક્રવારે મોડી રાત્રે થયેલી અથડામણમાં એક પોલીસ જવાનને પણ ઈજા થઈ હતી. જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી ચુક્યા છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે ત્રાસવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલી બે ગાડીઓ જપ્ત કરી લીધી છે. સમગ્ર વિસ્તારમાં ઉંડી તપાસ ચાલી રહી છે. જમ્મુકાશ્મીરમાં છેલ્લા કેટલાક સમયથી ઓપરેશન ઓલઆઉટ ચાલી રહ્યુ છે. જેના ભાગરૂપે સેંકડો ત્રાસવાદીઓ ઠાર કરવામાં આવી ચુક્યા છે. ત્રાસવાદી લીડરો પણ ફુંકાઈ ચુક્યા છે. સેનાના આ ઓપરેશનના કારણે ત્રાસવાદીઓમાં ફફડાટ છે.

લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવા ફારૂક અબ્દુલ્લાની પુનઃ ચેતવણી

કલમ ૩૫-એ, ૩૭૦ પર વલણ સ્પષ્ટ કરવા સૂચન : ભાજપ સરકાર વલણ સ્પષ્ટ નહીં કરે તો પંચાયત ચૂંટણીની સાથે સાથે અન્ય તમામ ચૂંટણીઓનો પાર્ટી બહિષ્કાર કરશે

શ્રીનગર, તા. ૮

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ કલમ ૩૫-એ અને ૩૭૦ પર વલણ સ્પષ્ટ કરવા માટે કેન્દ્ર સરકારને ફરી ચેતવણી જારી કરી છે. ફારૂક અબ્દુલ્લાએ ચેતવણી આપતા કહ્યું છે કે જો કેન્દ્ર સરકાર આના ઉપર પોતાનું વલણ સ્પષ્ટ નહીં કરે તો તેમની પાર્ટી પંચાયત ચૂંટણીની સાથે વિધાનસભા અને લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરશે. અત્રે ઉલ્લેખનિય છે કે નેશનલ કોન્ફરન્સે તે પહેલા ૩૫-એના મુદ્દા પર પ્રદેશમાં આગામી પંચાયત ચૂંટણીનો બહિષ્કાર કરવા માટેની વાત કરી હતી. બીજી બાજુ કોંગ્રેસના નેતા નવજોતસિંહ સિદ્ધુ દ્વારા પાકિસ્તાનના સેના વડાને ગળે લગાવવાના મુદ્દા ઉપર ઉઠેલા વિવાદ ઉપર પણ ફારૂક અબ્દુલ્લાએ ટિપ્પણી કરી હતી. ફારૂકે કહ્યું હતું કે કલમ ૩૫-એ અને કલમ ૩૭૦ ઉપર કેન્દ્ર સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ. જો કેન્દ્ર સરકાર આ મુદ્દા પર વલણ સ્પષ્ટ નહીં કરે તો તેમની પાર્ટી પંચાયત ચૂંટણીનો જ નહીં બલ્કે વિધાનસભા અને લોકસભા ચૂંટણીનો પણ બહિષ્કાર

કરશે. આ મુદ્દા પર રાજકીય ખેંચતાણ વચ્ચે પીડીપી દ્વારા પંચાયત ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચેતવણી આપી છે. પીડીપીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે સરકારને પંચાયત ચૂંટણી અને ૩૫-એના સંદર્ભમાં તમામ શંકાઓને દુર કરવી જોઈએ. તમામ શંકાઓ દુર થયા બાદ જ પાર્ટી ચૂંટણી મેદાનમાં ઉતરશે.

પ્રાંતિજના સીતવાડા બોરીયામાંથી અગિયાર બકરાંઓની ચોરી

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા બોરીયામાંથી વહેલી સવારે

બકરાંચોરો અગિયાર બકરાં ચોરી જતાં બકરાં માલિક દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ તાલુકાના સીતવાડા બોરીયામાં રોડ ઉપર રહેતાં દેવીપુજક ભગાભાઈ કાળાભાઈના ઘર આગળ વાડામાં રહેલ અગિયાર બકરાં જેમાં એક બકરાંની અંદાજે કિંમત ૫૦૦૦ મળી અગિયાર બકરાંની કિંમત ૫૫૦૦ આઠમી તારીખને શનિવારના રોજ વહેલી સવારે બકરાંચોરો સફેદ કાર લઈને આવી વાડામાં રહેલ અગિયાર બકરાં ચોરીને ફરાર થઈ જતાં બકરાં માલિક દેવીપુજક દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરવામાં આવી હતી. પ્રાંતિજ પોલીસે અજાણ્યા બકરાંચોર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લ્લામાં ઝરમર ઝરમર વરસાદથી વાતાવરણમાં શીત લહેર પ્રસરી

અપૂરતા અને ધીમા વરસાદથી ગ્રામ્ય વિસ્તારમાં તળાવો ખાલી

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં આકાશે વાદળોની આવન-જાવન વચ્ચે શામળાજી પંથક ધોધમાર વરસાદ પડતા અને જીલ્લામાં સાર્વત્રિક ઝરમર ઝરમર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ખેતી-પાક ઉપર ઝરમર વરસાદ આશીર્વાદરૂપ સાબિત થશે. જીલ્લાના વાતાવરણમાં ગરમીનો પારો ઉંચકાતા અસહ્ય ગરમી ઉકળાટ અને બફારાથી ત્રાહિમામ લોકોને ઝરમર વરસાદથી પ્રજાજનોએ આંશિક રાહત અનુભવી હતી.

અરવલ્લી જીલ્લામાં ખેતીલાયક વરસાદ અને કાચા સોનારૂપી વરસાદથી ખેતરોમાં ઉભો હરિયાળો પાક લહેરાતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો પરંતુ હજુ પણ જીલ્લામાં વરસાદી ઘટના પગલે ગ્રામ્ય વિસ્તારના તળાવો ખાલી ભાસી રહ્યા છે. લોકો મેઘરાજા ભારે વરસે તેની અતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ગદાધર નજીક આવેલા વાસેરા

કંપા પંથકમાં ધોધમાર વરસાદી ઝાપટું પડતા પાણી પાણી થઈ ગયું હતું. ભિલોડા, શામળાજી, મોડાસા અને માલપુર પંથકમાં ઝરમર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

મોડાસા શહેરમાં આકાશે વાદળોની ઘેરાબંધી પછી બપોરે ૧૨ વાગ્યા પછી ઝરમર ઝરમર વરસાદથી રસ્તાઓ ભીના થયા હતા અનેપાણીના ખાબોચિયા ભરાયા હતા. સતત ઝરમર ઝરમર વરસાદથી આહલાદક વાતાવરણ અને ઠંડક શહેરીજનોએ અનુભવી હતી.

વિખુટા પડેલા યુવકનું પરિવાર સાથે મિલન કરાવતી પાલનપુર તાલુકા પોલીસ

પાલનપુર તાલુકા પોલીસ મથકના પીએસઆઈ બે દિવસ અગાઉ રાત્રી પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ચડોતર નજીકથી એક માનસિક અસ્વસ્થ યુવક મળી આવ્યો હતો.જેને પરિવાર સાથે મિલન કરાવી માનવતાની સુવાસ ફેલાવી હતી.

પાલનપુર તાલુકા પીએસઆઈ એ.વાય.પટેલ તથા તેમની ટીમ પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પાલનપુર તાલુકાના ચડોતર ગામેથી બે દિવસ અગાઉ રાત્રીના સુમારે એક ઈસમ શકમંદ હાલતમાં મળી આવતા તેની પૂછપરછ કરવામાં આવી હતી. જેની પૂછપરછ દરમિયાન કચ્છ વાગડ પંથકની ભાષા બોલતો હોવાનું જણાતાં સોશિયલ મીડિયાની મદદથી માલધારી પરિવારનો સંપર્ક થયો હતો.જેમાં આ યુવક કચ્છના વાગડ વિસ્તારના

કીડિયાનગર ગામના માલધારી પરિવારનો ૨૨ વર્ષીય દીકરો રૂપાભાઈ પેથાભાઈ રબારી જે માનસિક અસ્વસ્થ હોય અને છેલ્લા પાંચ દિવસથી તે ગુમ હોવાનું જાણવા મળ્યું હતું.આથી પાલનપુર તાલુકા પોલીસે તેના પરિવારને પાલનપુર બોલાવી તેની ઓળખ પ્રસ્થાપિત કરી માનસિક અસ્વસ્થ રૂપાભાઈ રબારીને પરિવાર સાથે મિલન કરાવતા પરિવારજનોએ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

કંપની સમાચાર

ટાટા કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડનો ૧૦મીએ ઈસ્યુ ખુલશે

પ્રણાલીબદ્ધ, મહત્વપૂર્ણ, ડિપોઝિટ ન લેતી નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની ટાટા કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (''કંપની'' અથવા 'ઈશ્યૂઅર'')એ વિવિધ સેગમેન્ટનાં ગ્રાહકોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે વિવિધ પ્રકારનાં કસ્ટમાઈઝ નાણાંકીય ઉત્પાદનો પૂરાં પાડવા ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે કંપનીએ રૂ. ૬,૦૦,૦૦૦ લાખ સુધીનો રૂ. ૧,૦૦૦ની ફેસ વેલ્યુ ધરાવતા સીક્યોર્ડ, રિડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (''સીક્યોર્ડ એનસીડીએસ'') પ્રસ્તુત કર્યો છે તેમજ રૂ. ૧,૫૦,૦૦૦ લાખથી રૂ. ૭,૫૦,૦૦૦ લાખ સુધીનો (''ટ્રેન્ચ I ઈશ્યૂ'') રૂ. ૧,૦૦૦ની ફેસ વેલ્યુ ધરાવતાં અનસીક્યોર્ડ, સબઓર્ડિનેટેડ, રિડીમેબલ, નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (''અનસીક્યોર્ડ એનસીડીએસ'') પ્રસ્તુત કર્યો છે, જે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ ખુલશે. ટ્રેન્ચ I ઈશ્યૂની બેઝ ઈશ્યૂ સાઈઝ રૂ. ૨૦૦,૦૦૦ લાખ છે, જેમાં રૂ. ૭૫૦,૦૦૦ લાખ (''શેલ્ફ લિમિટ'') સુધીનું ઓવર સબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ છે.

ઈશ્યૂ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બંધ થશે, જેમાં કંપનીનાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ (''બોર્ડ'') કે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની કાર્યકારી સમિતિ દ્વારા વહેલાસર ઈશ્યૂને બંધ કરવાની કે એને લંબાવવાનો વિકલ્પ સામેલ છે. ક્રિસિલ અને કેર રેટિંગ્સ દ્વારા રેટિંગ 'ઊંચી સલામતી' સૂચવે છે.

રાજશ્રી પોલીપેકનો આઇપીઓ ૧૦મીએ ખુલશે

થાણેની રાજશ્રી પોલીબેક લિમિટેડનો આઈપીઓ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે. ઓફરમાં નવા ૨૯,૬૦,૦૦૦ ઈક્વિટી શેર સામેલ છે, જે દરેકની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે, જેની સંપૂર્ણ ચુકવણી રોકડમાં થશે. ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૧૯ થી રૂ. ૧૨૧ છે, જેથી ઈશ્યૂનું કુલ કદ રૂ. ૩,૫૨૨.૪૦ લાખથી રૂ. ૩,૫૮૧.૬૦ લાખ થાય છે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડના ઈમર્જ પ્લેટફોર્મ પર થશે. ઈશ્યૂનાં બુક રનિંગ લીડ મેનેજર પીએલ કેપિટલ માર્કેટ્સ પ્રાઈવેટ લિમિટેડ છે. આઈપીઓ બંધ થવાની વહેલામાં વહેલી તારીખ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ હશે.

૧૦.૩૭નાં પ્રાઈઝ ટૂ અર્નિંગ (પીઈ) રેશિયો (૩૧ માર્ચ, ૨૦૧૮નાં રોજ પ્રાઈઝ બેન્ડની કેપ પ્રાઈઝ અને ઈપીએસ પર આધારિત) પર ઓફર થયેલા શેરની બિડ લઘુત્તમ ૧,૦૦૦ ઈક્વિટી શેર માટે અને પછી ૧,૦૦૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. આઈપીઓનો ૪૯.૯૬ ટકા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી) માટે અને મહત્તમ ૧૫ ટકા હિસ્સો બિનસંસ્થાગત રોકાણકારો (એનઆઈઆઈ) માટે તથા મહત્તમ ૩૫ ટકા હિસ્સો રિટેલ ઈન્ડિવિડ્યુઅલ ઈન્વેસ્ટર્સ (આરઆઈઆઈ) માટે અનામત રાખવામાં આવ્યો છે.

વાર્ષિક ૧૦,૦૦૦ મિલિયન ટનની ક્ષમતા અને ૧૦૦થી વધારે ઉત્પાદનો કરવાની ક્ષમતા ધરાવતી ત્રણ ફેક્ટરી દમણમાં સ્થાપિત કર્યા પછી રાજશ્રી પોલીપેકે દમણમાં ચોથી ફેક્ટરી સ્થાપિત કરવા ધિરાણનાં ઉદ્દેશ સાથે એનો આઈપીઓ લોંચ કર્યો છે.

ટીટીએફ અમદાવાદમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય પ્રવાસ માટે સિઝન સાનુકૂળ રહેવાનો સંકેત

પ્રવાસનની પીક સિઝન શરૂ થાય તે પહેલાં ફેરનો પ્રારંભ, આ સમારંભમાં બાયર્સ અને એક્ઝીબીટર્સ નિકટ આવશે, બિઝનેસમાં સહયોગ અને નેટવર્કિંગ થશે

દિવાળી આસપાસની પીક સિઝન નજીકમાં છે ત્યારે ૬૬૫ થી વધુ એક્ઝીબીટર્સ, ૨૭ સ્ટેટ ટુરિઝમ અને કેન્દ્ર શાસિત પ્રદેશોનાં ટુરિઝમ બોર્ડઝ અને ૨૩ દેશોના પ્રતિનિધિત્વ સાથે ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર, અમદાવાદ ટ્રાવેલ ટ્રેડ અને પ્રવાસીઓ માટે નવી ક્ષિતિજો ખૂલ્લી મૂકાઈ છે. ગુજરાત યુનિવર્સિટી એક્ઝીબિશન હોલ ખાતે આજથી શરૂ થયેલા અને ૯ સપ્ટેમ્બર દરમ્યાન ટીટીએફનું આયોજન થયું છે. આ પ્રસંગે જે મહાનુભવો હાજર રહ્યા હતા તેમાં સંજીવ અગરવાલ (ચેરમેન, ફેરફેસ્ટ મિડીયા લિ.), મહેન્દ્ર વખારીયા (પ્રેસીડેન્ટ'છૈં અને એમડી-પાથફાઈન્ડર્સ), જૉંગસૂલ (મિશેલ), કવોન (કોરિયા ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન, નવી દિલ્હી), વિરંગા બંદારા (શ્રી લંકા ટુરિઝમ પ્રમોશન બ્યૂરો) તથા અન્યનો સમાવેશ થતો હતો.

વર્ષ ૨૦૧૭ની તુલનામાં ટીટીએફ અમદાવાદ ૨૦૧૮ની પ્રદર્શનના વ્યાપમાં ૨૫ ટકાનો વધારો થયો છે અને અભૂતપૂર્વ વૃધ્ધિ સાથે વર્ષો વર્ષ નવા વિક્રમો રચાઈ રહ્યા છે. ભારતના ૯ શહેરોની ટીટીએફ સિરિઝમાં ટીટીએફ સૌથી મોટો શો બની રહ્યો છે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય પ્રવાસીઓ માટે ખૂબ જ મહત્વનો સ્રોત બની રહ્યો છે.

ફેરફેસ્ટ મિડિયા લિમિટેડના ચેરમેન સંજીવ અગરવાલે જણાવ્યું હતું કે 'ટ્રાવેલ ઉદ્યોગની કંપનીઓને એક જ છત્ર નીચે એકત્ર કરવાના ઉદ્દેશથી શરૂ કરાયેલ ટીટીએફ છેલ્લા ૩૦ વર્ષથી યોજાઈ રહ્યો છે. ભારતના સૌથી મોટા પ્રદર્શનોમાં તે સમાવેશ પામે છે અને પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવાની સાથે સાથે ટ્રાવેલ ટ્રેડ માટે બીટુબી બિઝનેસના દ્વાર ખૂલ્લા મૂકે છે. ગયા વર્ષે આ સમારંભ અમદાવાદની જાહેર જનતા માટે ખૂલ્લો મૂકાયો ત્યારે તેમણે વિવિધ દેશો અને ભારતના વિવિધ પ્રદેશોના ઉત્તમ ડીલ મેળવ્યા હતા. આ વર્ષે આ સમારંભમાં ભાગ લેનારા રાજ્યો પોતાના પ્રદેશના અનોખા સ્થળોને રજૂ કરી રહ્યા છે.

હરસોલ વિસ્તારમાં શ્રમિકનું આકસ્મિક મોત

તલોદ, તા. ૮

તલોદ તાલુકાના હરસોલ પંથકમાં મજૂરી અર્થે આવેલા આધેડ વયના એક શ્રમજીવીનું અણધાર્યુ મોત થયાની ઘટના તલોદ પોલીસ દફતરે નોંધાવા પામી છે. જે ચારેક દિવસ પહેલા જ દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી આવ્યો હતો અને કડિયાકામની મજૂરીમાં જોડાયેલ હતો. દાહોદ જિલ્લાના મોટીરેલ ગામના રહીશ કાનજી મગનજી કટારા (ઉં.વ. આ. ૫૫) તલોદ તાલુકાના હરસોલ પંથકમાં મજૂરી કામ અર્થે આવેલ અને રાવળ સમાજવાડી-હરસોલમાં રોકાણ કરતો હતો.

જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં શિક્ષક દિન ઉજવાયો

શિક્ષણના પ્રણેતા અને પુર્વ રાષ્ટ્રપતિ ડાં.રાધાકૃષ્ણન સર્વપલ્લીની જન્મ જયંતી નિમિત્તે જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરાઈ હતી. વિદ્યાર્થીઓ ધ્વારા એક દિવસીય શિક્ષક બની વિદ્યાર્થીઓએ સ્કુલના વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા.શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગણેશોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે રાત્રિના ૮ કલાકે કડી સર્વ વિદ્યાલય મંડળ દ્વારા બાળકોનો થીમ બેઇઝડ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. તા ૧૪ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ : ૩૦ કલાકે જયોતિ મહીલા મંડળના ઉપક્રમે હળદી કંકુ , ભજન ગૃપ, આરતી સુશોભન , ફુલદાની , મોદક સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે રાત્રિના સમયે ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા પદ્મશ્રી ભીખુદાન ગઢવીનો ડાયરાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૧૫ સપ્ટેમ્બરે આપણુ ફાઉન્ડેશનના સહયોગથી નગરની સરકારી શાળાના શ્રમિક પરિવારના બાળકોનો ટેલેન્ટ શો યોજાશે. તા ૧૬ સપ્ટેમ્બરના રોજ કલરવ સંસ્થા દ્વારા કલરવની મસ્તી કાર્યક્રમ યોજાશે. જયારે તા ૧૭ અને ૧૮ બેસ્ટ સીંગર ઓફ સીટી અને મીનાક્ષી મેમોરીયલ ટ્રસ્ટ તેમજ માહીતી વિભાગના સોજન્યથી ગીત સંગીતનો કાર્યક્રમ યોજાશે. જયારે તા ૧૯ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ : ૩૦ કલાકે ગણેશજીની મુર્તિની શોભાયાત્રાનુ આયોજન કરી સાબરમતી નદીના તટમાં શ્રીજીની મુર્તિનુ વિસર્જન કરાશે. ગણેશોત્સવ સમિતિના ઉપાધ્યક્ષ અરૂણ બુચે પણ સતત પાંચ દાયકાઓથી થતી આ ઉજવણીના આયોજનને બિરદાવ્યુ હતુ. ડો ચેતના બુચે પણ ગણેશોત્વસ સમિતિ દરમિયાન યોજાતી વિવિધ સ્પર્ધાઓ અંગેની જાણકારી આપી હતી.

ખરીફ વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જો કે જિલ્લામાં આ વર્ષે વરસાદની ઘટ ખાસ્સી મોટી રહી હોવા છતાં ખેડૂતોએ વાવેતર કરી ઉત્સાહ બતાવ્યો છે.

ખાસ કરીને પશુપાલનની પ્રવૃત્તિ કરતા ખેડૂતોએ ઘાસચારાના પાકનુ સારૂ વાવેતર કર્યું છે. વાદળછાયુ વાતાવરણ રહેતુ હોવાને કારણે કેટલાક પાકોમાં જીવાતો અને અન્ય રોગોના ઉપદ્રવની છુટી છવાઈ ફરિયાદો પણ તંત્રને મળી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ચોમાસાનો વિલંબ અને તુટક તુટક વરસાદને કારણે પાક પેટર્નમાં બદલાવ આવ્યો છે. વરસાદની જે ઘટ છે તેની સીધી અસરો રવિ સીઝનના વાવેતર પર પડશે. ખેડૂતોએ શાકભાજીના રોકડિયા પાકને વાવણી માટે વધુ પસંદ કર્યો છે.

જિલ્લામાં ખરીફ પાકનું ગાંધીનગર તાલુકામાં ૩૧,૮૬૭ હેક્ટર, દહેગામમાં ૩૯,૮૩૩ હેક્ટર, કલોલમાં ૩૫,૨૮૮ હેક્ટર અને માણસામાં ૨૭,૦૪૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યુ છે.

આ વખતે ખરીફ ઋતુમાં હજુ ૧૦ હજાર હેક્ટર જેટલું વાવેતર ઘટવાનો અંદાજ હતો અને તેવુ જ થયુ છે. ગાંધીનગર અને દહેગામ પંથકમાં વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે. ખેડૂતોને હજુ પણ આશા છે કે ભાદરવા માસમાં મેઘરાજાની પધરામણી થશે.